# Day to Day Current Affairs

**16 Nov 2015**

## ૧. ઓલ સ્ટાર ટી – 20 લીગ :

- તાજેતરમાં ભારતના લેજનરી બેટ્સમેન સચીન તેંડુલકર અને ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બોલર સેન વોર્ન ની આગેવાની હેઠળ નિવૃત સ્ટાર ક્રિકેટરોની ત્રણ મેચની ટી – 20 લીગ પુરી થઈ.

- આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લઈ ચુકેલા દિગ્ગજ ખેલાડીઓની બે ટીમ બનાવાઈ હતી જેમાં તેંડુલકરની ટીમને 'સચીન બ્લાસ્ટર્સ' અને 'વોર્ન વોરિયર્સ' નામ આપવામાં આવ્યું હતું.

- અમેરિકામાં રમાઈ આ લીગને 'ઓલસ્ટાર ટી – 20 લીગ' નામ અપાયું હતું.

- વોર્ન વોરિયસની ટીમ 3 – 0 થી આ સિરિઝ જીતી હતી.

## ૨. સાયના નેહવાલ – બેડમિંટન :

- તાજેતરમાં બીએજિંગ (ચીન) ખાતે યોજાયેલ ચાઈના ઓપન સુપર સિરિઝ પ્રીમિયર ટુર્નામેન્ટમાં ભારતીય બેડ્મિંટન સ્ટાર સાયના નેહવાલ રર્નસપ રહી હતી.

- ફાઈનલમાં સાયનાનો ચીનની લી ક્ષુઈરુઈ સામે પરાજય થયો હતો.

## 3. ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન ફિલ્મફેસ્ટિવલ :

- તાજેતરમાં હૈદરાબાદ ખાતે 19માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જુદા-જુદા રાજ્યમાંથી બાળકો દ્વારા બનાવવામાં આવેલી ફિલ્મોનું અહીં સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું.

## ૪. ગુજરાત સરકાર UPSC ની તૈયારી કરતાં પરીક્ષાર્થીઓને સ્ટાઇપેન્ડ આપશે :

- ગુજરાત સરકારા દ્વારા જે વિધાર્થીઓ UPSC ની તૈયારીકરવા માટે સ્પીપા દ્વારા લેવાતી એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરશે તે તમામને ફાઇનલ પાસ કરે ત્યાં સુધીની યોજના અમલમાં મુકવામાં આવી છે.

- સૌપ્રથમ કોચીંગ મેળવવાની એન્ટ્રન્સ પાસ કરશે ત્યારથી જ તમામ કેટેગરી માટે સમાન ધોરણે 100નું સ્ટાઇપેન્ડ મળવાનું શરૂ થઇ જશે.

- ત્યાર બાદ કોચિંગ દરમિયાન UPSCની પ્રિલિમ, મેઇન્સ અને ફાઇનલ ઇન્ટરવ્યું સુધિ ક્રમશ 3000,5000 અને 61000 સુધીનું ભથ્થુ આપવાનું નક્કી કર્યું છે.

- આ સ્ટાઇપેન્ડમાં કોઇ અનામત રહેશે નહી. તમામ પરીક્ષાર્થીઓને સમાન ધોરણે ફાયદો મળશે. પરંતુ ફાઇનલ પાસ કરે તે યુવાનોને 51હજાર અને યુવતિઓને 61 હજાર સ્ટાઇપેન્ડ રખાયું છે.

Vivekanand Academy, Gandhinagar